Date
Page

ડિસ્ટ્રીક્ટ કોડ લખો

GJ - 01 - અમદાવાદ
GJ - 02 - મહેસાણા
GJ - 03 - રાજકોટ
GJ - 04 - ભાવનગર
GJ - 05 - સુરત
GJ - 06 - વડોદરા
GJ - 07 - ખેડા
GJ - 08 - પાલનપુર
GJ - 09 - સાબરકાંઠા
GJ - 10 - જામનગર
GJ - 11 - જુનાગઢ
GJ - 12 - કચ્છ
GJ - 13 - સુરેન્દ્રનગર
GJ - 14 - અમરેલી
GJ - 15 - વલસાડ
GJ - 16 - ભરૂચ
GJ - 17 - પંચમહાલ
GJ - 18 - ગાંધીનગર
GJ - 19 - બારડોલી
GJ - 20 - દાહોદ
GJ - 21 - નવસારી
GJ - 22 - નર્મદા
GJ - 23 - આણંદ
GJ - 24 - પાટણ
GJ - 25 - પોરબંદર
GJ - 26 - વ્યારા
GJ - 27 ઈસ્ટ - અમદાવાદ
GJ - 28 - વેસ્ટ - સુરત
GJ - 29 - વડોદરા - રૂરલ
GJ - 30 - ડાંગ આહવા
GJ - 31 - ગાંધીધામ
GJ - 32 - વેરાવળ
GJ - 33 - બોટાદ
GJ - 34 - છોટાઉદેપુર
GJ - 35 - મહીસાગર
GJ - 36 - મોરબી
GJ - 37 - ખંભાળીયા
GJ - 38 - બાવળા
~~GJ - 39~~

Date ______

Page ______

> મોટર વાહનના રજીસ્ટ્રેશનની જરૂરિયાત જણાવો?

જ મોટર વાહન ઉપર નોંધણી ચિહ્ન દર્શાવ્યા વિના જાહેર જગામાં અથવા બીજી કોઈ જગામાં કોઈ વ્યક્તિ, કોઈ મોટર વાહન ચલાવી શકશે નહિ અને કોઈ મોટર વાહનના માલિક ચલાવશે કે ચલાવવાની પરવાનગી આપી શકશે નહિ તેવી મોટર વાહનની નોંધણી માટેની કાયદાકીય જોગવાઈ કરવામાં આવેલી છે તે મોટર વ્હીકલ એક્ટમાં એવી પણ જોગવાઈઓ છે કે નોંધણીનું પ્રમાણપત્ર મોકૂફ કે રદ કરવામાં આવેલ હોય તો પણ વાહન ચલાવી શકતુ નથી.

કલમ-૩૯ થી આ અંગેની જોગવાઈઓ કરેલ મોટર વાહન નોંધાવ્યા વિના કોઈપણ જાહેર સ્થળ અથવા બીજા કોઈપણ સ્થળે તે ચલાવવા ઉપર પ્રતિબંધ મુકેલ હોય છે. કલમ ૪૨-, કલમ-43 અને કલમ-60 ની જોગવાઈને આધીન રહીને મોટર વાહનમાં દરેક માલિકે સામાન્ય રીતે વાહનની નોંધણી અધિકારી પાસે વાહનની નોંધણી કરાવી લેવાની જરૂરિયાત છે

3> અન્ય રાજ્યમાં વાહનને લઈ જવા માટેની જોગવાઈઓ જણાવો

જવાબ એક રાજ્યમાં જેની નોંધણી કરવામાં આવી હોય તેવા મોટર વાહનને જ્યારે બાર મહિનાથી વધુ મુદત માટે રાખવામાં આવે ત્યારે તે મોટર વાહનના માલિકે વાહન જેની હકુમતના વિસ્તારમાં હોય તે નોંધણી અધિકારીએ સમય મર્યાદામાં મુકરર કરેલા નમૂનામાં નવી નોંધણી ચિહ્ન મેળવવા માટેની અરજી કરવી જોઈએ અને તે નોંધણી અધિકારી સમક્ષ અગાઉનું નોંધણી પ્રમાણપત્ર રજૂ કરવું જોઈએ

કલમ-૫૪ માં ઉલ્લેખ નોંધણી અધિકારીને પહોંચવા વાળી રજિસ્ટર ટપાલથી આ અર્થે અરજી મોકલી હોય તો વાહનના માલિકે મેળવેલી ટપાલ પહોંચ એવા સ્વીકાર સહિત મોકલવી જોઈએ કે આવું પ્રમાણપત્રક આપવાની ના પાડવા માટેની અધિકારી પાસેથી કોઈ ખબર મળી નથી.

તેમજ તેને આધીન રહીને આવું પ્રમાણ પત્ર મંજૂર કરી શકાશે તેવા કોઈ આદેશોનું પાલન કરવાનું પોતાને ફરમાવાયું હોય કે?

5> મોટરવાહનની નોંધણી રદ કરવા બાબતની જોગવાઈઓ લખો:

જવાબ 1> મોટર વાહનનો નાશ થયેલ હોય તો માલિકે ચૌદ દિવસની અંદર જેની હુકમતમાં તે રહેતો હોય તે રીતે વાહન રાખવામાં આવતું હોય તે ધંધાના સ્થળ આવતું હોય તે નોંધણી અધિકારીને તે બાબતનો રિપોર્ટ કરવો જોઈએ.

2> નોંધણી અધિકારી મુળ નોંધણી અધિકારી હોય તો તેણે નોંધણી તથા તેનું પ્રમાણપત્ર રદ કરવા જોઈએ, મુળ નોંધણી અધિકારીને તે રિપોર્ટ આપવા જોઈએ, મુળ નોંધણીનું પ્રમાણપત્ર મોકલી આપવા જોઈએ અને તે નોંધણી તથા પ્રમાણપત્ર રદ કરવા જોઈએ.

3> પોતાની હુકમતે અંદરના મોટર વાહનને રાજ્ય સરકાર હુકમથી નીમે તેવા અધિકારી તપાસે એવો હુકમ કોઈ નોંધણી અધિકારી કરી શકશે અને તપાસ ઉપરથી અને નોંધણી પ્રમાણપત્રમાં નોંધેલા માલિકના સરનામે પહોંચ મળે રજિસ્ટર્ડ કરાયેલ ટપાલ દ્વારા તેને નોટિસ મોકલાવવી જોઈએ.

Date ________
Page ________

4) નોંધણી અધિકારીને ખાતરી થાય કે મોટર વાહન કાયમને માટે ભારત બહાર ખસેડવામાં આવ્યું છે તો તેણે તે નોંધણી રદ કરવી જોઈએ

5) કલમ-54 હેઠળ અથવા આ કલમ હેઠળ મોટર વાહનની નોંધણી રદ કરનાર નોંધણી અધિકારીએ તે વાહનના માલિકને તે હકીકત લખી જણાવવી જોઈએ અને તે વાહનના માલિકે તરત જ તે અધિકારીને વાહનની નોંધણીનું પ્રમાણપત્ર પાછું સોંપી દેવું જોઈએ.

5) વ્હીકલના ફીટનેસ સર્ટીફીકેટ પર ટૂંક નોંધ લખો.

જવાબ: કોઈ ટ્રાન્સપોર્ટનું વાહન તે સમયે આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની તમામ જરૂરિયાતો અનુસાર હોવા અંગેનું ઠરાવેલ અધિકારીએ અથવા પેટાકલમ-2માં જણાવેલ અધિકૃત ટેસ્ટીંગ સ્ટેશને આપેલું કેન્દ્ર સરકાર ઠરાવે તેવા નમુનામાં તેવી વિગતોવાળું અને માહિતીવાળું યોગ્યતાનું પ્રમાણપત્ર તે વાહન સાથે હોય તે સિવાય તે વાહન કલમો-59 અને 60 ની જોગવાઈઓને આધીન રહીને કલમ 39 ના હેતુથી માટે કાયદેસર રીતે નોંધાયેલું ગણાશે નહિ.

પરંતુ ઠરાવેલા અધિકારી અથવા અધિકૃત ટેસ્ટીંગ સ્ટેશન પ્રમાણપત્ર આપવાની ના પાડે તો તે અધિકારીએ તે વાહનના માલિકને આવી રીતે ના પાડવાનાં પોતાનાં કારણો લખી જણાવવાં જોઈએ